દમણગંગા ટાઇમ્સ

Vapi 20 May, 2019

# ધરમપુર શ્રીમદ રાજચંદ્ર આશ્રમ દ્વારા શૈક્ષણિક કીટ રાહતદરે અપાશે

**ધરમપુર, તા. ૧૯ :** ધરમપુર મોહનગઢના સુપ્રસિદ્ધ તીર્થધામ શ્રીમદ રાજચંદ્ર આશ્રમ દ્વારા ધરમપુર ખાતે પંદરેક વર્ષથી અને ખેરગામ ખાતે બાર વર્ષથી શૈક્ષણિક સાધનો રાહત દરે આપવામાં આવે છે જે આ વર્ષે ૩૬ જગ્યાએથી અપાશે. તારીખ ૨૭ મે સોમવારથી શરૂ થનારુ વિતરણ સ્ટોક હશે ત્યાં સુધી ચાલુ રહેશે જેમાં ચાર પ્રકારની નોટબુક્સ, કંપાસ બોક્સ, રાઈટિંગ પૅડ અને સ્કૂલબૅગનો સમાવેશ થાય છે જે બજાર કિંમત કરતા ૩૩ થી પચાસ ટકા રાહત દરે આપવામાં આવે છે. શ્રીમદ રાજચંદ્ર ડિવાઈન પ્રોડક્ટ્સ એન્ડ સર્વિસીઝના પૂજ્ય રાકેશ ગુરુજીના સીધા માર્ગદર્શનમાં ગ્રામ્ય આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનો વ્યાપ વધારવા ઉમદા વસ્તુને રાહત દરે આપવાનો ઉપક્રમ છે જે વર્ષોવર્ષ વિકસતું જાય છે જેની અનેક વિદ્યાર્થી-વાલીઓ રાહ જોતા હોય છે અને વહેલી સવારથી જ કેન્દ્ર ખાતે ઉભા રહી જાય છે.